# જન્મદિને વધામણી



હાજી મકબુલખાન
હાજી શબદલખાન પઠાણ
મો. ૯૯૯૮૭ ૨૨૪૧૯



ભવ્ય
ચેતનકુમાર પ્રજાપતિ

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

# નવી પ્રેરણા અને કાર્યસિદ્ધિ માટે જિજ્ઞાસાપ્રેરક ચિત્રવાર્તાની શ્રેણી







નીતનવાં સંશોધનો દ્વારા એકવીસમી સદીમાં પ્રવેશી ચૂકેલું વિશ્વ એકબાજુ નવી દિશા તરફ જઈ રહ્યું છે ત્યારે બીજી તરફ ભારત તેની પ્રાચીન ભારતીય સંસ્કૃતિ અને શિક્ષણપ્રણાલી દ્વારા પોતાનાં મૂલ્યોને આત્મસાત કરી સમગ્ર વિશ્વને એક નવો રાહ ચીંધવા ઉત્સુક છે. શિક્ષણની ઉપાસનાના આ ભગીરથ કાર્યમાં ગુરુ-શિષ્ય અને ગુરુકુળ પ્રણાલીથી શરૂ થયેલી શિક્ષણપ્રથા આજે ઈ-લર્નિંગ, એમ-લર્નિંગથી લઈને આઈ-લર્નિંગ સુધી પહોંચી છે.

પ્રાચીન ભારતીય સંસ્કૃતિમાં જ્ઞાનને અતિ પવિત્ર ગણવામાં આવ્યું છે. 'ન હિ જ્ઞાનેન સદ્દશં પવિત્ર મિહ વિદ્યતે' કોઈપણ ક્ષેત્રે મેળવેલ જ્ઞાન અનુભવની એરણ પર ઘડાઈને માનવ પ્રતિભાનું ઘડતર કરે છે. જ્ઞાનનું સર્જન અને વિસ્તરણ એ જ ભારતીય સંસ્કૃતિની આગવી વિશેષતા છે. કેળવણી દ્વારા જ માનવીની ઉત્તમ અને પૂર્ણ માનવ બનવાની પ્રેરણા શક્ય બને છે. અધ્યયન-અધ્યાપન પ્રક્રિયાના પાયામાં સંશોધનાત્મક પ્રવૃત્તિ, સહઅભ્યાસિક સંદર્ભ પુસ્તકોની રચના એક પાયાના ધ્રુવ તરીકે સેતુબંધરૂપે આગવી ઓળખ બની રહે છે. શિક્ષણ સ્તરની સુધારણામાં સતત સંશોધન બાળકોના ભણતર સાથે ઘડતરમાં, જ્ઞાનમાં સહજ રીતે વધારે કરનાર બની શકે છે. તેમાં નવા અભિગમ સ્વરૂપે નવી પ્રેરણા અને કાર્યસિદ્ધિ માટે ઉપયોગી થાય તેવા એકસુંદર, ચિત્રમય, બાળકોમાં જિજ્ઞાસાપ્રેરક નીવડે તેવા પુસ્તક સંપુટની વાત કરવી છે.

પ્રજ્ઞા ચિત્રવાર્તા શ્રેણી એકમ-૧થી ૧૦, ભાગ એથી ૯નાં લેખિકા નિકેતા વ્યાસ છે. તેમણે સરકારી પ્રાથમિક શાળાઓમાં ચાલતા પ્રજ્ઞા અભિગમ અનુસાર પોતાના ૨૭ વર્ષના લાંબા શૈક્ષણિક અનુભવના નિચોડરૂપ આ ચિત્રવાર્તાઓનું સર્જન કરી તેનું પ્રકાશન કર્યું છે.

પ્રજ્ઞાનો અહીં અર્થ પ્ર એટલે પ્રવૃત્તિ અને જ્ઞા જ્ઞાન આપવું એવો ઘટાવવામાં આવેલ છે. જેનો મતલબ એ થાય કે પ્રવૃત્તિ દ્વારા જ્ઞાન આપવું. બાળક સતત શીખતું રહે, શીખેલું ભુલી ન જાય એ પણ જરૂરી છે. એ માટે વાચન મહાવરા તરીકે પ્રજ્ઞા અભિગમના એકમ અનુસાર રંગીન ચિત્રવાર્તા શ્રેણી તૈયાર કરવામાં આવી છે. દરેક એકમની અલગ ચિત્રવાર્તા છે. સ્વચ્છ, સુંદર અને રંગીન મનોરમ્ય ચિત્રો બાળકોને આકર્ષે તેવાં છે. જે પાનાં ફેરવીને જોતાં જોતાં બાળકો રમત રમતમાં વાર્તાને મિત્રો દ્વારા સમજી, વાંચીને ગમ્મત સાથે જ્ઞાન મેળવે તેવો લેખિકાનો પ્રયાસ છે. અહીં જે તે એકમમાં જેટલા મૂળાક્ષરો અને માત્ર શીખવાં હોય તેટલાં જ મૂળાક્ષર અને માત્રા સાથે જોડાક્ષર વગરની ચિત્રવાર્તા આપી છે. તે જોડાક્ષર વગર એટલા માટે છે કે જોડાક્ષર અગિયારમા એકમમાં શીખવવામાં આવે છે, જ્યારે આ શ્રેણીમાં ૧થી ૧૦ એકમની ચિત્રવાર્તા જ સમાવવામાં આવી છે.

વાર્તાની ગૂંથણી માટે જરૂર જણાઈ ત્યાં લોકબોલીનો પ્રયોગ થયેલો જોવા મળે છે. જેમ કે બાળકને 'હ' મૂળાક્ષર શીખવવાનો હોય ત્યાં 'કહે'ની જગ્યાએ 'કે' વાપરેલો છે. 'થ' મૂળાક્ષર શીખવાડવાનો હોય ત્યાં 'નથી'ને સ્થાને 'ના' વપરાયું છે. આમ સીમિત મૂળાક્ષરો અને માત્રાઓ સાથે વાર્તાની ગૂંથણી કરવી એ ખૂબ અઘરી બાબત છે, પરંતુ લેખિકાએ તે ખૂબ સારી રીતે કરી છે.

પ્રજ્ઞા ચિત્રવાર્તા શ્રેણીનું સર્જન કરનાર લેખિકા નિકેતા વ્યાસ પ્રાથમિક શિક્ષણક્ષેત્રે કામ કરતાં કરતાં સર્જનાત્મક અભિગમ દ્વારા હંમેશા કંઈક નવું કરવાની ઝંખના ધરાવતા રહ્યાં છે. આ અગાઉ તેમણે બાળ મનોવિજ્ઞાન આધારિત ચિત્રવાર્તાઓ સહિત ગુજરાતી શીખો ભાગ-૧,૨ અને પ્રજ્ઞા અભિગમ વાચનમાળા જેવાં ઈતર વાચનનાં પુસ્તકો આપ્યાં છે, જેના માટે સંત શ્રી મોરારિબાપુના આશીર્વાદ પણ તેમને પ્રાપ્ત થયાં છે. તેમના આ કાર્યને એવોર્ડ અને પુરસ્કારોથી સરકાર અને સમાજ તરફથી આવકારીને અનેક જગ્યાએ સન્માનિત કરવામાં આવ્યાં છે. હાલમાં તેઓ અમદાવાદની વેજલપુર ઈંગ્લિશ પબ્લિક સ્કૂલમાં મુખ્ય શિક્ષક તરીકે ફરજરત છે. તેમની ચિત્રવાર્તાઓ અનેક સામયિકોમાં પ્રગટ થતી રહી છે. તેઓ એક સારાં બાળ સાહિત્યકાર પણ છે. તેમનાં આ સર્જનો બાળકોને ઉપયોગી થશે ને ભુલકાઓમાં જરૂર લોકપ્રિય થશે તેવી અંતરની લાગણીથી તેમની આ પુસ્તિકાશ્રેણીને આવકારું છું અને તેમને અભિનંદન પાઠવું છું.

પ્રજ્ઞા ચિત્રવાર્તા શ્રેણી : એકમ - ૧થી ૧૦, ભાગ - ૧થી ૯ (સેટ)
લેખિકા : નિકેતા વ્યાસ
પ્રકાશક, વિતરક : અક્ષરા પ્રકાશન, અમદાવાદ
કિંમત : રૂા. ૩૦૦ (સેટના)
પ્રથમ આવૃત્તિ, ૨૦૧૮

## રોટરી ક્લબ ઓફ ગાંધીનગર અને કડી સર્વ વિશ્વવિદ્યાલયના સંયુક્ત ઉપક્રમે

# આરોગ્યના રાજમાર્ગ વિષયે સેમિનાર





ગાંધીનગર, તા. ૨૯

રોટરી ક્લબ ઓફ ગાંધીનગર અને કડી સર્વ વિશ્વવિદ્યાલયના સંયુક્ત ઉપક્રમે "આરોગ્યનો રાજમાર્ગ – ૭.૪ PH એક્સપ્રેસવે હેલ્થ એન્ડ વિટાલીટી" ના વિષય પર એક સેમીનાર, નર્સિંગ કોલેજના ઓડીટોરીયમ, સેક્ટર-૧૨ ખાતે યોજાયો જેમાં આદરણી માધવદાદાની પ્રેરણાથી ઈડર સ્થિત ડૉ.કમલ મિસ્ત્રી દ્વારા આ અંગે જાગરૂકતા વધારવા સામાજીક મિશન શરૂ કરાયું છે.

કાર્યક્રમની શરૂઆતમાં રોટરી ક્લબ ઓફ ગાંધીનગર વતી સેક્રેટરી ડો. ધર્મેન્દ્ર પટેલ દ્વારા ડૉ. કમલ મિસ્ત્રીનું સ્વાગત કરવામાં આવ્યું હતું. ડૉ. કમલ મિસ્ત્રી ઉપસ્થિત રહી વિસ્તૃત વાત કરતા જણાવ્યું હતું કે 'આલ્કલાઈમ' અને 'એસીડીક' ખોરાકના સંતુલન દ્વારા આપણે સારી તંદુરસ્તી મેળવી શકીએ છીએ. સારા સ્વાસ્થ માટે ખાંડ, ચા, કોફી, રીફાઈન તેલ, અથાણાં, સોડાવાળા પાપડ, બેકરી ખોરાકમાંથી દુર કરવી જોઈએ. આમ દવાઓ વગર તંદુરસ્ત રહેવાના ઉપાયો, બીમારી પહેલા શરીરની કુદરતી શકિતઓ વિકસાવવાના ઉપાયો અને ખોરાકની પસંદગી અને રાધવાના વૈજ્ઞાનિક માપદંડો વિષે પાવર પોઈન્ટ પ્રેસંટેશનનાં માધ્યમથી વિસ્તૃત વાત કરી હતી.

સમગ્ર કાર્યક્રમમાં નર્સિંગ હોસ્ટેલના ગૃહમાતા વિષ્ણુબા, અર્ચનાબેન, કિંજલભાઈ અને રોટરી વતી રોટે.અલ્કાબેન, કલ્પેશભાઈ, રોટે.ધર્મેન્દ્રભાઈ અને રોટે. યોગેશભાઈ ઉપસ્થિત રહ્યા હતા. સેમિનારનું આયોજન રોટરી ક્લબ ઓફ ગાંધીનગર વતી ડો. યોગેશભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું અને સફળ સંચાલન વિદ્યાર્થિની પૂર્વી પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

# શંકરસિંહ બાપુ ઈન્સ્ટટીટ્યુટના વિદ્યાર્થીઓ મુંદ્રા પોર્ટની મુલાકાતે

ગાંધીનગર, તા. ૨૯

શંકરસિંહ બાપુ ઈન્સ્ટટીટ્યુટ ઓફ ટેકનોલોજીના વિદ્યાર્થીઓએ મુંદ્રા પોર્ટ (કચ્છ)ની શૈક્ષણિક મુલાકાત લીધી હતી. ૭૫ વિદ્યાર્થીઓ અને ૪ કોલેજના પ્રાધ્યાપકો આ મુલાકાતમાં જોડાયા હતા. મુલાકાત દરમિયાન વિદ્યાર્થીઓએ અદાણી પાવર પ્લાન્ટ, રિફાઈનરી વગેરેની મુલાકાત લઈ સંસ્થા વિશે પ્રાયોગિક માહિતી પ્રાપ્ત કરી હતી. સંસ્થા ખાતે પ્રસ્તુત સાંસ્કૃતિક કાર્યક્રમમાં પણ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સમગ્ર મુલાકાત કૉલેજના પ્રાધ્યાપક વિનય જયસિંઘાની, વેદિકા મહેતા, ઋષિકેશ રાવલ અને કાજલ દેસાઈના નેતૃત્વમાં સફળતાપૂર્વક યોજાઈ હતી.




# આદર્શ નિવાસી કન્યા શાળામાં પ્રજાસત્તાક દિવસની ઉજવણી





ગાંધીનગર, તા. ૨૯

આદર્શ નિવાસી શાળા સેક્ટર - ૧૩ ખાતે પ્રજાસત્તાક દિવસની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. શાળાના આચાર્યા શ્રી સુનીતા ત્રિવેદી દ્વારા ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. શાળાની વિદ્યાર્થિનીઓ દ્વારા ૨૧ દેશ ભક્તિ ગીતોના ફ્યુઝન પર અફલાતૂન ડાન્સ કર્યો તો રાજસ્થાની ઘુમર નૃત્ય પર તો કમાલ કરી, અને એમને સતત તાળીઓથી અન્ય વિદ્યાર્થીનીઓએ પ્રોત્સાહન આપ્યું હતું.

ખાસ આમંત્રિત ગાંધીનગર સાહિત્યસભાના ઉપાધ્યક્ષ સંજય થોરાતે આર્થિક નબળી પરિસ્થિતિ અને પછાત વિસ્તારમાંથી આવતી આ દીકરીઓને સત્ય ઘટનાઓ સંભળાવી પ્રોત્સાહિત કરી હતી.

શાળાનાં શિક્ષકોએ આ દીકરીઓને ખૂબ સરસ તૈયાર કરી અનેક સાંસ્કૃતિક કાર્યક્રમ કર્યા હતા. આ સરકારી શાળાના બોર્ડનું છેલ્લા આઠ વર્ષથી ૧૦૦% પરિણામ આવે છે જેમાં શાળાના આચાર્યની મહેનત કામ કરી ગઈ છે. દેશ ભક્તિથી રંગાયેલો આ કાર્યક્રમ અત્યંત સુંદર રીતે રજૂ કરવામાં આવ્યો હતો.

# 'ભૂતનિબંધ'ની પુનઃ આવૃત્તિનું લોકાર્પણ



શ્રી સ્વામીનારાયણ ગાદી સંસ્થાન, મણિનગર અને અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશનના સંયુક્ત ઉપક્રમે કવિશ્વર દલપતરામની ૧૯૯મી જન્મજયંતિનો કાર્યક્રમ તાજેતરમાં યોજાયો હતો. આ પ્રસંગે અર્વાચીન ગુજરાતના સર્વપ્રથમ ગ્રંથ 'ભૂતનિબંધ'ની પુનઃ આવૃત્તિનું લોકાર્પણ પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મહંત સદ્‌ગુરુ ભગવતપ્રિયદાસજી સ્વામી, મેયર બીજલબેન પટેલ, ડે. મેયર, સુપ્રિમ કોર્ટના નિવૃત્ત જસ્ટીસ સી કે ઠક્કર, કવિ ભાગ્યેશ જહા, ડૉ. રીઝવાન કાદરી તથા કવિ પરિવારના સમગ્ર સદસ્યો ઉપસ્થિત રહ્યા હતા.

## ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીના સહયોગથી શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા

# દહેગામ અને દાહોદમાં સેવાકાર્ય





રેડક્રોસ સોસાયટી અને શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા દહેગામ તાલુકાના દેવકરણના મુવાડા આરોગ્ય કેન્દ્રની અમરભારતીની ત્રણ સ્કૂલ્સમાં આરોગ્ય કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. ઉચ્ચતર અને ઉત્તર બુનિયાદી, અનુસૂચિત જાતિ આશ્રમ શાળા તથા વિકસતી જાતિ આશ્રમ શાળાનાં કુલ ૫૦૮ બાળકોની આરોગ્ય તપાસ કરી જરૂરી દવાઓ પણ તેમને આપવામાં આવી હતી. આ ઉપરાંત દાહોદ જિલ્લાનાં ૪૦થી વધુ જરૂરિયાતમંદ બાળકોને ગણવેશ પણ આપવામાં આવ્યો હતો અને આશ્રમ શાળાના ઈન-ચાર્જને જરૂરી દવાઓ ભેટમાં આપવામાં આવી હતી. સંસ્થા તરફથી આ સેવાકાર્યમાં ડૉ. પ્રવીણભાઈ બોધાણી, ડૉ. અતુલ પંડ્યા, યોગેશભાઈ, મિલિન્દભાઈ અને અશ્વિનભાઈ જોડાયા હતા.

# ગાંધીવાણી

- સાચું બોલનારે અને સાચું કરનારે ગાફેલ પણ ન રહેવું જોઈએ.
- સત્યના શોધકને રજકણથી પણ નીચે રહેવું પડે છે.
- શુદ્ધ સત્યની શોધ એટલે રાગ, દ્વેષ, દ્વંદ્વથી સર્વથા મુક્તિ મેળવવી.
- સત્ય વજ્ર જેવું કઠણ છે અને કમળ જેવું કોમળ છે.
- સત્ય વાતને વળગી રહેતાં કાયદા આપોઆપ મદદમાં ગોઠવાઈ જાય છે.
- જેની નિષ્ઠા સાચી છે એને પ્રભુ ઉગારી લે છે એવા ઘણા અનુભવો થયા છે.
- શુદ્ધ હિસાબ વિના શુદ્ધ સત્યની રખેવાળી અસંભવિત છે.
- અહિંસા એ નમ્રતાની પરાકાષ્ટા છે.
- કોઈ દેહધારી બાહ્ય હિંસાથી સર્વથા મુક્ત થઈ શકે નહીં.
- આત્માની દૃષ્ટિએ પાળેલી નીતિ તે ધર્મ.
- ધર્મ એટલે આત્મભાન અને આત્મજ્ઞાન.



- ત્યાગમાં ધર્મ છે એ વાત મને ગમી.
- હું મારો ધર્મ પૂરો ન સમજી શકું ત્યાં સુધી બીજાના ધર્મનો વિચાર ન કરી શકું.
- શ્રીમદ ભગવદ્‌ગીતા અમૂલ્ય ગ્રંથ છે, તત્ત્વજ્ઞાન માટે તો એ સર્વોત્તમ ગ્રંથ છે.
- હું તુલસીદાસના રામાયણને ભક્તિમાર્ગનો સર્વોત્તમ ગ્રંથ ગણું છું.
- બ્રહ્મચર્યનું સંપૂર્ણ પાલન એટલે બ્રહ્મદર્શન.
- બ્રહ્મચર્ય એટલે મન, વચન અને કાયાથી સર્વ ઈન્દ્રિયોનો સંયમ.
- ઊંઘતાને જગાડી શકાય, જાગતો ઊંઘે તેને ઢોલ વગાડો તોય શેનો સાંભળે ?
- જ્યાં સંસ્કાર બળવાન છે, ત્યાં શિખામણ નકામી છે.
- મિત્રતા સરખા ગુણવાળા વચ્ચે શોભે ને નભે.
- મારી જીભ કે કલમમાંથી વિચાર્યા વગર કે માપ્યા વગર ભાગ્યે જ શબ્દ નીકળે છે.
- તૂટ્યું વાસણ ગમે તેટલું મજબૂત સાંધો છતાં તે સાંધેલું જ ગણાશે.
- જેને રામ રાખે તેને કોણ ચાખે ?
- તમારી વસ્તુઓ એવી રીતે વાપરો કે બીજાને કશુંય નુકસાન ન થાય.
- મહાપુરુષો કોઈના પોષાક સામું નથી જોતા, તેઓ તો હૃદયને તપાસે છે.
- નઠારા અક્ષર એ અધૂરી કેળવણીની નિશાની ગણાવી જોઈએ.
- આહાર તેવો ઓડકાર. માણસ જેવું ખાય છે, તેવો થાય છે.
- જાહેર સેવકોને અંગત ભેટો ન હોય એવા અભિપ્રાય પર હું આવેલો છું.

150 ગાંધીયાત્રા



- આપઘાતનો વિચાર કરવો સહેલો છે, આપઘાત કરવો સહેલો નથી.
- અપકારનો બદલો અપકાર નહીં પણ ઉપકાર જ હોવો જોઈએ.
- સ્વાદનું ખરું સ્થાન જીભ નથી પણ મન છે.
- સ્વાર્થ સહુને આંધળા ભીંત કરી મૂકે છે.
- નશાઓમાં તમાકુનું વ્યસન સહુથી વધારે ખરાબ છે.
- ઉપવાસમાં ૧૧ ઈન્દ્રિયોનો સંયમ હોય તો જ તેનું શુભ ફળ મળે.
- લોકોની પાસેથી કંઈપણ કામ કરાવવું હોય તો ધીરજ ધરવી પડે છે.
- પ્રેમ ક્યાં બંધનોને તોડી શકતો નથી ?
- ગરજવાનને જ્ઞાન ક્યાંથી હોય ?
- પરમેશ્વર સત્ય નથી, સત્ય એ જ પરમેશ્વર છે.
- મારું જીવન એ જ મારો સંદેશ છે.

- 'સત્યના પ્રયોગો'માંથી સાભાર
સંપાદન : પી એમ પરમાર

